# એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા "સજીવ ખેતી" તાલીમ કાર્યક્રમ

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃક્ષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૦૪/ ૦૬ / ૨૦૧૮ થી તા. ૦૮ / ૦૬ /૨૦૧૮ ના રોજ પાંચ દિવસીય પ્રથમ સજીવ ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સમગ્ર ગુજરાતના ૧૪ તાલુકાના ૬૩ ખેડુતોએ ભાગ લીધો હતો. ખેડૂતોને સજીવ ખેતી અંગેનું માર્ગદર્શન અને દિશા મળી રહે તે માટે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા સજીવા ખેતીને લગતાં બધા જ પાસાઓને તેમજ પ્રાયોગિક આવરી લેવામાં આવે છે જેથી ખેડુતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે.

તાલીમ કાર્યક્રમના અંતે ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતકવિદ્યાશાખાધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હસ્તે પ્રમાણપ તથા સજીવ ઈનપુટ સામગ્રી કીટ વિતરણ કરવામાં આવેલ હતું.

આ વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. એમ. વી. પટેલ એ આ સજીવ ખેતીના સમારોહ કાર્યક્રમમાં સજીવ ખેતીની અગત્યતા અને ખેડુતો દ્વારા અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે ડૉ. પી. એમ. પટેલ સહ પ્રાધ્યાપક અને વિભાગના કર્મચારીઓ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# <u>સજીવ ખેતી તાલીમ કાયયક્રમની ઝાંખી</u>

| | |
|---|---|
|  |  |
|  |  |
|  |  |